**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 23[th] December, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....................................................................,
ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસ ની ઉજવણી કરવામાં આવી.**
**"ગણિતનો જાદુગર : શ્રીનિવાસન રામાનુજન મેથ્સ વર્કશોપ" અને Story Telling on "The Story of Maths Human : Known - Unknown Facts" નિદર્શનનું થયું આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ભારતના મહાન ગણિતશાસ્ત્રી 'ધી ગ્રેટ મેથેમેટીશિયન' શ્રીનિવાસન રામાનુજનનાં જન્મ દિવસ ૨૨ ડિસેમ્બરને ભારત દેશમાં રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે રામાનુજનની ૧૩૩મી જન્મ જયંતિ અંતર્ગત ધોરણ ૭ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા "ગણિતનો જાદુગર : શ્રીનિવાસન રામાનુજન મેથ્સ વર્કશોપ"નું આયોઅજન કરવામાં આવેલ. આ વર્કશોપમાં ઓનલાઈન માધ્યમથી તજજ્ઞ શ્રી ગૌતમભાઈ લીંબડીયા (સાયન્સ કમ્યુનિકેટર, શ્રી બહ્મ્માનંદ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ) દ્વારા શ્રીનિવાસન રામાનુજનના સંશોધન આધારિત વિવિધ મોડેલ બનાવવા માટે આવેલ મેથેમેટીક્સ મોડેલ્સ મેકિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

આ વર્કશોપમાં ગણિતની ગુચવણ ભરી થીયરીને સરળતાથી સમજી શકાય અને ઝડપથી ગણતરી કરી ઉકેલ લાવી શકાય તે માટે વર્તુળના ચોક્કસ ભાગ કરી તેના દ્વારા બનતા લંબચોરસના ક્ષેત્રફળને કઇ રીતે સમાન થાય છે અને તેની ગણતરી કેવી રીતે કરી શકાય તેવા ગાણિતિક મોડેલો દ્વારા અને રમત રમતમાં 'ગણિતનો જાદુ' થકી બાળકોની ગણિત વિષયમાં રૂચી વધારવાનું માટે પ્રયત્નો કરવામાં આવેલ.

ઉપરાંત બાળકો આ મહાન ગણિત શાસ્ત્રીના જીવનચરિત્ર વિષે માહિતગાર થાય તેવા હેતુ થી રામાનુજનના જીવનચરિત્ર Story Telling on "The Story of Maths Human : Known - Unknown Facts" વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લા અને તાલુકાના ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રામાનુજનજીના ગણિતની મોજ માણી હતી.

23/12/2020
(હર્ષદ જોષી) 5:05 PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર